અપીલ અરજી નં.૩૯૪ તા.૮–૨–૧૦

અરજદારઃ– શ્રી ભરતભાઈ આત્મારામભાઈ પટેલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ આત્મારામભાઈ પટેલની તા.૫–૧–૧૦ ની અરજીથી સફાઈ કામદારોને હાયર પરચેઈઝથી કાજીપુરા ચુમ્માલીસ ચાલઅને રૂદરપુરા છપ્પન ચાલ ખાતેના સ્ટાફ કવાટર્સ ફાળવી દેવાયા બાદ પુરેપુરી રકમ ભરપાઈ થયા હોય તેઓને દસ્તાવેજ કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૪/૨૦૦૯–૧૦

શ્રી ભરતભાઈ આત્મારામભાઈ પટેલની તા.૫–૧–૧૦ ની અરજીથી સફાઈ કામદારોને હાયર પરચેઈઝથી કાજીપુરા ચુમ્માલીસ ચાલ અને રૂદરપુરા છપ્પન ચાલ ખાતેના સ્ટાફ કવાટર્સ ફાળવી દેવાયા બાદ પુરેપુરી રકમ ભરપાઈ થયા હોય તેઓને દસ્તાવેજ કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૮ તા.૧૫–૨–૧૦ થી ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આ.નં./પીએચડી/૩૨૧૬ તા.૧૯–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ તથા અરજદારે તા.૧૬–૨–૧૦ ના રોજ મુળ અરજીપરત ખેંચ્યાની અરજી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૫–૧–૧૦ ની મુળ અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ કાજીપુરા ચુમ્માલીસ ચાલ અને રૂદરપુરા છપ્પન ચાલ ખાતેના સ્ટાફ કવાર્ટસ સુરત મહાનગરપાલિકાના કયા ઠરાવને આધિન અને કયા વર્ષમાં હાયર પરચેઈઝથી ફાળવવામાં આવેલા છે? જેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૨ કાજીપુરા ચુમ્માલીસ ચાલ હરિજનવાસ અને રૂદરપુરા છપ્પન ચાલ હરિજનવાસ ખાતે સફાઈ કામદારોને હાયર પરચેઈઝથી ફાળવવામાં આવેલ બંને સ્થળો મળીને કુલ કેટલા સ્ટાફ કવાર્ટસ આવેલા છે? અને કેટલા સફાઈ કામદારોને હાયર પરચેઈઝથી કવાર્ટસ ફાળવી દેવાયા છે? જેની અલગ અલગ માહિતી આપવા બાબત. મુદ્દા નં.૩ સફાઈ કામદારોને હાયર પરચેઈઝથી સ્ટાફ કવાર્ટસ ફાળવી દેવાયા પછી પૂરેપૂરી રકમ ભરપાઈ થયા બાદ સ ટાફ કવાર્ટસના દસ્તાવેજ કેટલા સમયમાં બનાવી શકાય. દસ્તાવેજ બનાવવાની જવાબદારી કોની? મહાનગરપાલિકા તરફથી સ્ટાફ કવાર્ટસના માલિકોને આ બાબતની જાણ કરાયેલ છે કે કેમ? મુદ્દા નં.૪. કાજીપુરા ૪૪ ચાલ અને રૂદરપુરા ૫૬ ચાલ ખાતેના સ્ટાફ કવાર્ટસ ફાળવી દીધા પછી પૂરેપૂરી રકમ અનુક્રમે રૂા.૧૦,૧૦૦/– અને રૂા.૧,૦૪,૦૦૦/– ભરપાઈ થઈ ગયેલ હોય તેવા કેટલા સ્ટાફ કવાર્ટસના માલિકોએ સુરત મહાનગરપાલિકા પાસેથી દસ્તાવજે બનાવ્યા છે.? અને કેટલા સ્ટાફ કવાર્ટસના માલિકોએ દસ્તાવેજ બનાવ્યા નથી? જેની અલગ અલગ માહિતી આપવા બાબત. મુદ્દા નં.૫ સ ટાફ કવાર્ટસના દસ્તાવેજ બનાવવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી કાયદેસર રીતે કોઈ વકીલની નિમણુંક કરી છે કે કેમ? જો ના કરી હોય તો દસ્તાવેજ માટે સુરત શહેરના કોઈ પણ વકીલ પાસે દસ્તાવેજ બનાવી શકાય? દસ્તાવેજ બનાવવા માટેનો ખર્ચ આશરે કેટલા રૂપિયા થઈ શકે? મુદ્દા નં.૬ દસ્તાવેજ બનાવવા માટે સ્ટાફ કવાર્ટસના માલિકો પૈકી કોઈ પણ એક સ્ટાફ કવાર્ટસના માલિક ધ્વારા મહાનગરપાલિકા પાસેથી દસ્તાવેજ બનાવવાની કાર્યવાહી થઈ શકે કે કેમ? જો ના હોય તો તમામ સ્ટાફ કવાર્ટસના દસ્તાવેજ બનાવવાની જવાબદારી કોની? અને આ કાર્યવાહી મહાનગરપાલિકાના કયા વિભાગ ધ્વારા કયારે કરવામાં આવશે. તેવી માંગણી કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમય મર્યાદામાં પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૮–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેના અનુંધાને જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં તા.૫–૧–૧૦ ની અરજી પાછી ખેંચી લેવા બાબતે ખાતાને કરેલ અરજી બાબતે ખાતા ધ્વારા અરજદારની સદરહુ અરજી દફતરે કરવા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીશ્રીની તા.૧૭–૨–૧૦ ની મંજુરી મેળવી દફતરે કર્યાનું જણાવેલ છે. જેની આરટીઆઈની અરજી પાછી ખેંચી લેવા અંગે તા.૧૬–૨–૧૦ ના રોજ કરેલ મુળ અરજીની નકલ, અત્રે રજૂ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ અરજદારે "જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારી ધ્વારા મને મળેલ મૌખિક હકારાત્મક પ્રતિભાવથી શું સ્વૈછિક રીતે મારી અરજી રાજીખુશીથી તા.૫–૨–૧૦ ના રોજ આઈ ડી નં.૧૧૮૯ પાછી ખેચી લઉ છું અને હવે પછી મારે કોઈ પ્રકારની માહિતીની જરૂરીયાત રહેતી નથી." તેવું જણાવી મુળ અરજી અરજદારે પાછી ખેંચી લીધેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૭–૨–૧૦ ની મંજુરીથી દફતરે કરવામાં આવેલ છે. આમ બંને પક્ષકારની રજૂઆતને ધ્યાને લેતાં અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતેની અરજી અરજદાર તરફથી તા.૧૬–૨–૧૦ ના રોજ  પરત ખેંચતી મુળ અરજી  રજૂ કરેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ  કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ),..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતભાઈ આત્મારામભાઈ પટેલ